ક્રમાંકઃજીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૩૫
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.૩૦ /૭/૨૦૧૫

**//પરિપત્ર//**

વિષયઃ- પ્લોટના પેટા વિભાજન બાદ વપરાશી/બિનવપરાશી પેટા વિભાજીત પ્લોટના તબદીલીના કિસ્સામાં બિનવપરાશી પેનલ્ટી/તબદીલી ફી લેવા બાબત.

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/૩૧/૨૩૭/૯૨, તા. ૧૦/૦૯/૧૯૯૨.

(૨) પરિપત્ર ક્રમાંકઃ ઓએન્ડએમ/સીઆઇઆર/એએલટી/પીઓએલ/૧(૬)/૩૧/૬૬૫/૯૬, તા. ૧૦/૦૯/૧૯૯૬.

(૩) પરિપત્ર ક્રમાંકઃ ગુઔવિનિ/ઓએન્ડએમ/સીઆઇઆર/વિત/૩૧/૭૨૭/૯૭, તા. ૨૮/૧૦/૧૯૯૭.

નિગમની તમામ ઔદ્યોગિક વસાહતોમાં ફાળવેલ મિલ્કતોના પેટા વિભાજન બાદ વપરાશી/ બિનવપરાશી પેટા વિભાજીત પ્લોટના તબદીલીના કિસ્સામાં બિનવપરાશી પેનલ્ટી/તબદીલી ફી લેવા બાબતની નીતિ ઉકત સંદર્ભિત પરિપત્ર થી પરિપત્રિત કરવામાં આવેલ. નિગમની ૪૮૧ મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંકઃ ૧૮/વિતરણ/૪૮૧ સાદર કરવામાં આવેલ. જેના અનુસંધાને ઠરાવ ક્રમાંકઃ ૯૦/વિતરણ/૪૮૧/૨૦૧૫ થી નીચે મુજબનો આંશિક સુધારો કરવામાં આવે છે.

પેટા વિભાજનના કિસ્સામાં પેટા વિભાજનના ફળ સ્વરૂપે અસ્તિત્વમાં આવનાર ખૂલ્લા/ વણવપરાશી પ્લોટને નિગમ ધ્વારા ફાળવવામાં આવેલ નવા પ્લોટ તરીકે ગણી નિગમ ધ્વારા ફાળવવામાં આવતા નવા પ્લોટને લાગુ પડતા તમામ નિયમો જેવા કે, વપરાશની સમય મર્યાદા, બાંધકામના નકશા મંજુર કરાવવાની સમય મર્યાદા, ખૂલ્લા/ વણવપરાશી પ્લોટને તબદીલીની પ્રવર્તમાન નીતિ વિગેરે લાગુ પાડવામાં આવશે.

ઉપરોક્ત સૂચનાઓનું નિગમના તમામ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી (વિતરણ)ને પાઠવવી.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક.

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

<u>નકલ જયભારત સહ રવાનાઃ-</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું

કાર્યપાલક નિયામક (ઇએન્ડએ).